Part 1, Preface

" આમુખ "

ભરતમુનિનો અભિનય સિધ્ધાન્ત: એક અધ્યયન

ભારતના પ્રાચીન ગ્રંથોમાં અભિનયકળાની તાત્વિક રીતે વિશદ છણાવટ કરતો સૌ પ્રથમ ઉપલબ્ધ ગ્રંથ તે ભરતમુનિના નામે ચઢેલો નાટયવિદ્યા વિષયક ગ્રંથ 'નાટ્યશાસ્ત્ર' જે સંસ્કૃત ભાષામાં રચાયો છે અને જેમાં નાટ્યલેખન અને નાટ્યપ્રયોગ એ બંને પાસાંઓની મૂલગામી ચર્ચા કરવામાં આવી છે. ઇ.સ.પૂ.૨ જી સદીથી ઇ.સ.ની ૨ જી સદી દરમ્યાન લખાયેલા મનાતા 'નાટ્યશાસ્ત્ર' ગ્રંથના આધારે ભરતમુનિના અભિનયસિધ્ધાન્તનું અધ્યયન કરવાનો નમ્ર પ્રયાસ પ્રસ્તુત શોધપ્રબન્ધમાં કરવામાં આવ્યો છે.

વિષયવ્યાપ

ભરતમુનિના અભિનયસિધ્ધાન્તનું સર્વગ્રાહી અધ્યયન તે પ્રસ્તુત શોધપ્રબન્ધનો મુખ્ય વિષય છે. ભરતમુનિ કથિત અભિનયની પરિભાષા, પ્રભેદો તથા તેની સાથે સંકળાયેલા અન્ય વિષયો - નાટ્યભાવ, નાટ્યરસ, પાત્રનિરુપણ તથા પૂર્વરંગ, ધ્રુવાગાન, કક્ષ્યાવિભાગ, પ્રવૃત્તિ, નાટ્યવૃત્તિ, ધર્મી‌તા અને સિધ્ધિવિધાન વિગેરે નાટ્યરુઢિઓ ઉપરાંત ભરતમુનિ નિરુપિત અભિનયવિધાનની આધુનિક સાર્થકતા વિગેરેનો સમાવેશ તેમાં કરવામાં આવ્યો છે. ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર' ઉપરાંત નાટ્યવિદ્યા અને નૃત્યવિદ્યા વિષયક અન્ય પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં જે તે વિષય સંબંધી થયેલી ચર્ચા સામ્ય, વૈષમ્ય દર્શાવવા રજૂ કરવામાં આવી છે. અભિનયકળા સાથે ન સંકળાયેલા 'નાટ્યશાસ્ત્રગત્' અન્ય વિષયોની ચર્ચા પ્રસ્તુત શોધપ્રબન્ધમાં સમાવવામાં આવી નથી.

કાર્યપધ્ધતિ

ભરતમુનિના અભિનયસિધ્ધાન્તની વિશદ છણાવટ શકય બને તે માટે પ્રસ્તુત

શોધપ્રબન્ધને વિભિન્ન અધ્યાયોમાં વહેંચી, અધ્યાય અંતર્ગત પ્રકરણ એવી યોજના કરવામાં આવી છે. ભરતમુનિના મૂળ કથનો, તેના ઉપરની અભિનવગુપ્તની ટીકા, તત્સંબંધી અન્ય પ્રાચીન ગ્રંથોમાંના અવતરણો - આટલી સામગ્રી આપી તેનું અર્થઘટન તથા સંશોધન - એ પ્રકારની કાર્યપધ્ધતિ અપનાવવામાં આવી છે. નાટ્યશાસ્ત્રનો શ્રી મનમોહન ઘોષે કરેલો અંગ્રેજી અનુવાદ, શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રીએ કરેલો હિન્દી અનુવાદ તથા કવિ શ્રી નથુરામ સુંદરજી શુકલએ કરેલો ગુજરાતી અનુવાદ પ્રધાનપણે ખપમાં લેવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષાનો ઊંડો અભ્યાસ ન હોવાથી બહુધા અનુવાદો ઉપર વિશેષ આધાર રાખવામાં આવ્યો છે. જો કે શકય એટલી ચોકસાઇ રાખવાનો પુરુષાર્થ છે છતાં સંસ્કૃત ભાષાના ઊંડા અભ્યાસના અભાવના કારણે ક્ષતિ રહી જવા પામી હોય તો તે શકય છે.

પ્રસ્તુત શોધપ્રબન્ધમાં ચર્ચવામાં આવેલા વિષયો સંબંધી શકય તેટલી સામગ્રી એકઠી કરી, તદ્વિષયક વિવિધ વિધ્વાનોની રુબરુ મુલાકાત લઇ તથા કેરળ રાજ્યમાં જળવાઇ રહેલાં સંસ્કૃત નાટકોની ભજવણીનો સાક્ષાત્કાર કરી શોધપ્રબન્ધ તૈયાર કરવામાં આવ્યો છે.

## સારાંશ

પ્રસ્તુત શોધપ્રબન્ધ કુલ ૧૨ અધ્યાયોમાં વહેંચાયેલો છે. પ્રત્યેક અધ્યાય વિભિન્ન પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

પ્રથમ અધ્યાયમાં ભરતમુનિ અને તેમના ધ્વારા રચાયેલા મનાતા નાટ્યશાસ્ત્રની પૂર્વભૂમિકા બાંધી આપવામાં આવી છે. વૈદિક વાઙ્મય, મહાકાવ્યો, પુરાણો, 'નાટ્યશાસ્ત્ર' તેમજ નાટ્યવિધા સંબંધી અન્ય ગ્રંથોમાં 'ભરત'ના ઉલ્લેખો તપાસી, ભરતમુનિ કોણ અને તેમના ઐતિહાસિક અસ્તિત્વનું પ્રમાણ તથા નાટ્યશાસ્ત્ર એક કર્તાની રચના છે કે અનેક કર્તાની, તેની છણાવટ કરવામાં આવી છે. 'નાટ્યશાસ્ત્ર' ના વિવિધ આંતરપ્રમાણો તેમજ 'નાટ્યશાસ્ત્ર' પૂર્વે, સમાંતરે અને પછી લખાયેલા વિભિન્ન ગ્રંથો, શિલાલેખો વિગેરે બાહ્ય પ્રમાણો તથા વિવિધ આચાર્યોની વિચારણાના આધારે નાટ્યશાસ્ત્રના કાળનિર્ણય સંબંધી ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત નાટ્યશાસ્ત્રની વિવિધ વિદેશી આવૃત્તિઓ, ભારતીય આવૃત્તિઓ

ગુજરાતી આવૃત્તિઓ, અન્ય પ્રાંતીય ભાષાઓમાં નાટ્યશાસ્ત્રના સંસ્કરણો, મુદ્રિત આવૃત્તિઓમાં જોવા મળતાં પાઠભેદો, નાટ્યશાસ્ત્રની વિવિધ હાથપ્રતો વિગેરેની છણાવટ કરવામાં આવી છે. નાટ્યશાસ્ત્રનું સ્વરુપ, તેમાં નિરુપાયેલા વિવિધ વિષયો, નાટ્યશાસ્ત્રની રચનાશૈલી, તેની પદ્યશૈલી અને ગદ્યશૈલીની લાક્ષણિકતાઓ તથા નાટ્યશાસ્ત્રના વિકાસના વિવિધ તબક્કા પણ નિરુપવામાં આવ્યા છે. અંતે વૈદિક સાહિત્યમાં નાટ્યના તત્વો, નટસૂત્રો, નાટ્યશાસ્ત્રમાં ઉલ્લિખિત પૂર્વાચાર્યો, ભરતમુનિના સમકાલીનો તથા નાટ્યશાસ્ત્રના વિવિધ ટીકાકારો વિશે માહિતી આપવામાં આવી છે.

બીજા અધ્યાયમાં, ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર' પહેલાં રચાયેલા ગ્રંથોમાં થયેલી અભિનયકળા સંબંધી વિચારણા તથા નાટ્યશાસ્ત્રની સમાંતરે રચાયેલા ગ્રંથોમાંની અભિનયકળા વિષયક ચર્ચા કરવામાં આવી છે. વૈદિક સાહિત્ય, બ્રાહ્મણગ્રંથો તથા ઉપનિષદો, પાણિનિકૃત અષ્ટાધ્યાયી, રામાયણ, મહાભારત, બૌદ્ધ જાતક સાહિત્ય, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, પતંજલિનું મહાભાષ્ય, વાત્સ્યાયનનું કામસૂત્ર, વિગેરે ગ્રંથોમાં નાટ્યકળા તથા નૃત્યકળા સંબંધી ઉલ્લેખો તેમજ પ્રાચીન શિલાલેખો, કલામંડપો ને નૃત્તમૂર્તિઓમાં અભિનયના અવશેષો તપાસવામાં આવ્યા છે.

ત્રીજા અધ્યાયમાં, ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં અભિનયની જે પરિભાષા અને પ્રભેદો નિરુપ્યા છે તેને નાટ્યકળા, નૃત્યકળા તથા નૃત્તકળાના સંદર્ભમાં મૂલવવામાં આવ્યા છે. નાટ્ય, નૃત્ય તથા નૃત્ત - આ ત્રણ રંગમંચીય કળાઓના સંદર્ભમાં અભિનયની વિભાવના સ્પષ્ટ કરવામાં આવી છે.

ચોથા અધ્યાયમાં ભરતમુનિ નિરુપિત 'આંગિક અભિનય'ની વિશદ છણાવટ કરવામાં આવી છે. આંગિક અભિનયની ભરતમુનિ તથા અન્ય આચાર્યોએ આપેલી વિવિધ પરિભાષાઓ, તેના આધુનિકોએ તારવેલા વિવિધ અર્થઘટનો તપાસી તેની આધુનિક સાર્થકતા ચકાસવામાં આવી છે. 'મુખજ અભિનય' અંતર્ગત શિરોભેદ, દૃષ્ટિભેદ, તારાકર્મ, દર્શનભેદ, પુટકર્મ, ભ્રુકુટિકર્મ, નાસાકર્મ, કપોલકર્મ, ઓષ્ઠકર્મ, દન્તકર્મ, ચિબુક કર્મ, મુખજકર્મ, મુખરાગ,

ગ્રીવાકર્મના ભેદ, લક્ષણ તથા વિનિયોગ નાટ્યશાસ્ત્ર તથા અન્ય શાસ્ત્રીય ગ્રંથોના આધારે પુનઃ નિરુપી, શક્ય હોય ત્યાં રેખાંકનો આપી, તેની ફેરતપાસ આદરી, ઉપરોક્ત ઉપાંગોનો પરસ્પર 'અભિનયવ્યાપારગત' સંબંધ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. 'શારીર અભિનય' અંતર્ગત 'હસ્તાભિનય'માં અસંયુત, સંયુત તથા નૃત્ત હસ્તભેદના લક્ષણો તથા વિનિયોગ, રેખાંકનો, સાથે નિરુપવામાં આવ્યા છે તેમજ હસ્તની વિવિધ ક્રિયાઓ, હસ્તપ્રચાર, હસ્તકરણ, હસ્તાભિનયના વિવિધ આધારોની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત ઉરા, પાર્શ્વ, ઉદર, કટિ, ઉરુ, જંઘા, પાદના ભેદ, લક્ષણ, વિનિયોગ સંબંધી ચર્ચા નાટ્યશાસ્ત્ર તથા અન્ય શાસ્ત્રીય ગ્રંથોના આધારે નિરુપી તેની ફેરતપાસ કરવામાં આવી છે. 'ચેષ્ટાકૃત અભિનય' અંતર્ગત ૩૨ પ્રકારના ચારીભેદ (રેખાંકન સાથે) તેની સાથે સંકળાયેલ સ્થાન, ન્યાય, સૌષ્ઠવ, ધનુષ્યકાર્યો તથા વ્યાયામવિધિ, ૨૦ પ્રકારના મણ્ડલ ભેદ, વિવિધ પ્રકારના ગતિપ્રચાર, સ્ત્રી તથા પુરુષ પાત્રોના આસન, શયનવિધિ તેમજ ૩૨ અંગહારભેદ, ૧૦૮ પ્રકારના કરણ (રેખાંકન સાથે), રેચક, પિંડીબન્ધ, નૃત્તભેદની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રસ્તુત અધ્યાયમાં ભરતમુનિએ 'સામાન્ય અભિનય'ને લગતા અધ્યાયમાં નિરુપેલા છ પ્રકારના શારીરાભિનયો, આન્તર-બાહ્ય અભિનય, ઈન્દ્રિયાભિનય, મનોભાવાભિનયનો પણ સમાવેશ થાય છે. આંગિક અભિનયનાજ એક વિશિષ્ટ પ્રકાર એવા 'ચિત્રાભિનય' અંતર્ગત ચિત્રાભિનયની પરિભાષા, સ્વરુપ અને સીમા, ચિત્રાભિનયમાં પ્રતિક વિધાન, પ્રાકૃતિક પદાર્થોનો ચિત્રાભિનય, વિવિધ પશુ, પક્ષીઓ, પદાર્થો, વ્યક્તિઓ, ઋતુઓ, મનોભાવો સૂચવવા માટેનો ચિત્રાભિનય, ભાવપ્રદર્શનની પ્રયોગવિધિ તથા નાટ્યની લોકાત્મકતા ચર્ચવવામાં આવી છે. અધ્યાયના અંતે સંસ્કૃત નાટ્યસાહિત્યમાં સીમાચિહ્નરુપ ગણાતી કૃતિઓ - મૃચ્છકટિક, માલવિકાગ્નિમિત્ર, અભિજ્ઞાન શાકુંતલ, વિક્રમોર્વશીય, રત્નાવલી, માલતી માધવ, ઉત્તર રામચરિત, વેણીસંહાર તથા કર્પૂરમંજરીમાં આવતા 'રંગનિર્દેશો' આંગિક અભિનય દ્વારા કેવી રીતે મૂર્તિમંત કરી શકાય તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

પાંચમાં અધ્યાયમાં ભરતમુનિની દૃષ્ટિએ વાચિક અભિનયનું સ્વરુપ સ્પષ્ટ કરી આપી નટ માટે ઉપયોગી પાઠ્યગુણો તથા નાટ્યકાર માટે ઉપયોગી નાટ્યરચનાના

સંરચનાત્મક અંગો - શબ્દ, છન્દ, લક્ષણ, અલંકાર, કાવ્યગુણ, કાવ્યદોષ - વિગેરેમાં રહેલી અભિનેયતાસૂચક 'ક્રિયાસાપેક્ષતા'ની છણાવટ કરવામાં આવી છે. આ ઉપરાંત નટ તથા નાટ્યકાર બંને માટે સમાન રીતે ઉપયોગી ભાષાવિધાન અને સંબોધનવિધાન ઉપરાંત 'સામાન્ય અભિનય' અંતર્ગત ભરતમુનિએ નિરુપેલા વાચિક અભિનયના દ્વાદશ માર્ગ, સાત પ્રકારના વાક્યવિભેદો તેમજ 'ચિત્રાભિનય' અંતર્ગત ભરતમુનિએ નિરુપેલા આકાશવચન, આત્મગત, અપવારિતક, જનાન્તિક વિગેરે વિશિષ્ટ અભિનયશિલ્પોની છણાવટ કરવામાં આવી છે. અધ્યાયના અંતે કાલિદાસના નાટકોમાં જોવા મળતી અભિનેયતાસૂચક 'ક્રિયાસાપેક્ષતા' ઉદાહરણ સહિત નિરુપી, વિવિધ સંસ્કૃત નાટકોમાંથી ૮ પ્રકારના રસની વિભિન્ન ઉક્તિઓમાં પાઠ્યગુણોનો વિનિયોગ દર્શાવવામાં આવ્યો છે.

છઠ્ઠા અધ્યાયમાં સાત્વિક અભિનયનું ભરતમુનિની દૃષ્ટિએ સ્વરુપ સ્પષ્ટ કરી આપી સાત્વિક ભાવો તથા સત્વજ અલંકારોની છણાવટ કરવામાં આવી છે. 'સાત્વિક ભાવ' અંતર્ગત સાત્વિક ભાવની વિવિધ પરિભાષાઓ, આઠ પ્રકારના સાત્વિક ભાવોના લક્ષણો, વિભાવો અને અનુભાવો, ભરતમુનિની દૃષ્ટિએ સાત્વિક ભાવનું સ્વરૂપ તથા અનુભાવ અને સાત્વિક ભાવ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. સત્વજ અલંકાર અંતર્ગત નાયક-નાયિકાના સત્વજ અલંકારો નિરુપવામાં આવ્યા છે. અધ્યાયના અંતે સંસ્કૃત નાટ્યસાહિત્યમાંથી સાત્વિક ભાવો તથા સત્વજ અલંકારોના ઉદાહરણો દર્શાવવામાં આવ્યા છે.

સાતમાં અધ્યાયમાં 'આહાર્ય અભિનય' અંતર્ગત આહાર્ય શબ્દનો વ્યુત્પત્તિલક્ષ્ય અર્થ વિવિધ પરિભાષાઓ, આહાર્ય 'અભિનય' શા માટે તેની છણાવટ કરી પુસ્ત્રચના અંતર્ગત વિવિધ પ્રકારના પુસ્તનાં લક્ષણો, શસ્ત્રવિધાન, શસ્ત્રપ્રયોગ, વિવિધ મંચવસ્તુઓની નિર્માણ પધ્ધતિ, નાટ્ય ઉપકરણો સંબંધી નિયમો વર્ણવવામાં આવ્યા છે. આ ઉપરાંત 'અલંકારવિધાન' અંતર્ગત વિવિધ પ્રકારની પુષ્પમાળાઓ, આભૂષણો, અલંકારનિર્માણ, અલંકાર પ્રયોગ સંબંધી નિયમો, વેશવિધાન, વિવિધ સ્ત્રી પુરુષ પાત્રોના વેશ, વેશવિન્યાસ અંગેના સામાન્ય નિયમો, મુકુટવિધાન, કેશવિધાનની ચર્ચા કરવામાં આવી છે. 'અંગરચના'

અંતર્ગત વર્ણવિધાન, વિવિધ પાત્રોના નિયત વર્ણ, રસાનુરુપ વર્ણયોજના, શ્મશ્રુકર્મ અને યોજના, પ્રતિશિર્ષ વિગેરેનો છણાવટ કરવામાં આવી છે. 'સજીજીવ નેપથ્યવિધાન' અંતર્ગત સજીજીવનું લક્ષણ, રંગમંચ ઉપર પ્રવિષ્ટ પશુ પાત્રોના પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે. અધ્યાયના અંતે ભાસકૃત 'સ્વપ્નવાસવદત્તા' ના નાટ્યપ્રયોગમાં, આહાર્ય અભિનયના વિનિયોગ સંબંધી ચર્ચા કરવામાં આવી છે.

આઠમા અધ્યાયમાં 'અભિનય અને નાટ્યભાવો' વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરી આપવામાં આવ્યો છે. નાટ્યભાવોનું સ્વરુપ સ્પષ્ટ કરી આપી, સ્થાયી ભાવ, વ્યભિચારી ભાવ, વિભાવ, અનુભાવની વિવિધ આચાર્યોએ આપેલી પરિભાષાઓ તપાસી, તેનાં 'અભિનય'ના સંદર્ભમાં ભરતસંમત સ્વરુપની છણાવટ કરવામાં આવી છે. અધ્યાયના અંતે નટને માર્ગદર્શકરુપ એવી વિભાવ-ભાવ-અનુભાવની સાંકળ નિરુપવામાં આવી છે.

નવમાં અધ્યાયમાં 'અભિનય અને નાટ્યરસ' વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરી આપવામાં આવ્યો છે. રસ શબ્દની વ્યુત્પત્તિ તથા તેનો કોશગત અર્થ, સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રસનું સ્વરુપ તપાસી, ભરતમુનિની દૃષ્ટિએ રસનું 'પદાર્થરુપ ' રંગમંચીય સ્વરુપ સ્પષ્ટ કરી આપી, વિભિન્ન નાટ્યરસોના અભિનયના સંદર્ભમાં ચર્ચા કરી, રસનો વિભિન્ન નાટ્યાંગો સાથેનો સંબંધ સારણીરુપે નિરુપી, અંતે રસનિષ્પત્તિ અને નટકર્મ અંતર્ગત ભરતમુનિ, ભટ્ટ લોલ્લટ, શ્રી શંકુક, ભટ્ટ તોત, ભટ્ટ નાયક તથા અભિનવગુપ્તના રસનિષ્પત્તિ સંબંધી વિધાનોનું અભિનયવ્યાપારના સંદર્ભમાં વિશ્લેષણ કરી રસનિષ્પત્તિની પ્રક્રિયામાં નટનું સ્થાન મૂલવવામાં આવ્યું છે.

દશમાં અધ્યાયમાં 'અભિનય અને પાત્રવિધાન'ની પરસ્પર સાર્થકતા નિરુપવામાં આવી છે. નાયક-નાયિકા ભેદ, નાયક-નાયિકા વ્યવહાર, નાયક-નાયિકાના સહાયક પાત્રોની ચર્ચા સંસ્કૃત નાટ્યસાહિત્યમાંથી વિવિધ ઉદાહરણો લઇ કરવામાં આવી છે. આ ઉપરાંત 'ભૂમિકાવિધાન' અંતર્ગત નાટ્યપ્રયોગ દરમ્યાન, નટ ધ્વારા પાત્રવિશેષીકરણ, પ્રયોજ્ય પાત્રો માટે યોગ્ય નટોની વરણી તથા 'નાટ્યાચાર્ય અને રંગશિલ્પીઓ' અંતર્ગત સૂત્રધાર,

સ્થાપક, પરિપાર્શ્વક, નાટ્યકાર, નટ, નાટકીયા, નર્તકી, સ્ત્રૌનિક તથા અન્ય નાટ્યપ્રયોગ શિલ્પીઓ સંબંધી ભરતમુનિની વિચારણાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

અગિયારમાં અધ્યાયમાં 'અભિનય અને નાટ્યરુઢિઓ' વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. પૂર્વરંગ, ધ્રુવાગાન, કક્ષાવિભાગ, પ્રવૃત્તિવિધાન, નાટ્યવૃત્તિ, લોકધર્મી-નાટ્યધર્મી, સિધ્ધિવિધાન - આ તમામ નાટ્યરુઢિઓનું વિસ્તારપૂર્વક વિશ્લેષણ કરી, સંસ્કૃત નાટ્યસાહિત્યમાંથી વિવિધ ઉદાહરણો લઇ, અભિનયવ્યાપારમાં નાટ્યરુઢિઓની ઉપયોગીતા સિધ્ધ કરવામાં આવી છે.

બારમાં અને અંતિમ અધ્યાયમાં ભરતમુનિના અભિનય સિધ્ધાંતની આધુનિક સાર્થકતા મૂલવવામાં આવી છે. 'અભિનય' શબ્દના વિવિધ આધુનિકોએ આપેલા અંગ્રેજી પર્યાયો ચકાસી, અભિનય શબ્દનો સાચો અંગ્રેજી પર્યાય આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ભરતમુનિની અભિનય વિચારણાને ચીની તથા જાપાની અભિનયશૈલીઓ સાથે સરખાવવામાં આવી છે. આધુનિક અભિનયતત્વવિદ્ો સ્તાનિસ્લાવસ્કી, બર્ટોલ્ટ બ્રેખ્ટ તથા ગ્રોટોસ્કીની અભિનય વિચારણાના મુખ્ય મુદ્દાઓ ભરતમુનિની અભિનયવિચારણામાં કયા સ્વરુપે જોવા મળે છે તેની છણાવટ કરવામાં આવી છે. અધ્યાયના અંતે ભરતમુનિ નિરુપિત અભિનયનો અનુબંધ જેમાં જળવાયો છે તે 'કુટિયાટ્ટમ નાટ્યપ્રયોગ'માંની અભિનય શૈલીની ચર્ચા કરવામાં આવી છે.

આમ, ભરતમુનિના અભિનય સિધ્ધાન્તનું સર્વાંગી અધ્યયન કે જે પ્રસ્તુત શોધપ્રબન્ધનો મુખ્ય વિષય છે તેને ઉપરોક્ત ૧૨ અધ્યાયોમાં રજુ કરવામાં આવ્યો છે. ભરતમુનિના અભિનયસિધ્ધાન્તની આ પ્રકારની સર્વાંગી વિસ્તૃત છણાવટ ગુજરાતી ભાષામાં આ શોધપ્રબન્ધ દ્વારા પ્રથમવાર ઉપલબ્ધ બની છે એવું શોધપ્રબન્ધકારનું નમ્રપણે માનવું છે.

અસ્તુ.

વડોદરા
વસંત-પંચમી, સંવત ૨૦૪૨
ગુરુવાર, ૧૩ ફેબ્રુઆરી ૧૯૮૬.

શાહ મહેશ ચંપકલાલ